દિવ્ય ભાસ્કર
તા. 27/09/21
પેજ નંબર - 03

### તમામ કોર્સમાં પ્રવેશ મેળવવાની અંતિમ તારીખ 30 સપ્ટેમ્બર

# આંબેડકર યુનિ.માં યોગ, સાઈબર સિક્યોરિટી સહિત 80 કોર્સીસ શરૂ

એજ્યુકેશન રિપોર્ટર | અમદાવાદ

ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ વિવિધ પ્રકારના 80થી વધુ રોજગારલક્ષી કોર્સ શરૂ કરવાની જાહેરાત કરી છે. વિવિધ પ્રકારના કોર્સમાં પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓએ ઓક્ટોબરના બીજા સપ્તાહ સુધીમાં પ્રવેશ મેળવી શકશે.આ કોર્સને લગતી તમામ માહિતી યુનિવર્સિટીની સત્તાવાર વેબસાઈટ પરથી મેળવી શકાશે. આની સાથે સાથે સરકારી નોકરી માટે જરૂરી સીસીસીમાં પ્રવેશ પણ મેળવી શકાશે. પ્રવેશ પ્રક્રિયા માટે પ્રાદેશિક કેન્દ્રો તેમજ 250 જેટલા કેન્દ્રોનો સંપર્ક કરી પણ કરી શકાશે.

## યોગ, ફેશન ડિઝાઈનિંગ સહિતના કોર્સ ભણાવાશે

આર્ટસ, કોમર્સ,સાયન્સ, કમ્પ્યુટર,મેનેજમેન્ટના વિષયો ઉપરાંત યોગ, ફેશન ડિઝાઈનિંગ, જર્નાલિઝમ, સોશિયલ વર્ક, સાઈબર સિક્યોરિટી સહિતના વિવિધ કોર્સ શરૂ કરાયા છે. જેમાં માસ્ટર ઓફ આર્ટસ ઈન જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન, માસ્ટર ઓફ સાયન્સ- ઈન્ફર્મેશન ટેક્નોલોજી, માસ્ટર ઓફ સાયન્સ સાઈબર સિક્યોરીટી, બેચલર ઓફ સાયન્સ (ઓનર્સ), ઈન્ફર્મેશન ટેક્નોલોજી, બેચલર ઓફ સોશિયલ વર્ક સહિતના કોર્સનો સમાવેશ થાય છે.

## શોર્ટ ટર્મ, યુજી, પીજી સહિત કોર્સ શરૂ કરાયા

'ભારતના બંધારણના ઘડવૈયા ડો બાબા સાહેબ આંબેડકરના છેવાડાના માનવીઓ સુધી તેમજ જન જન સુધી શિક્ષણ પહોંચાડવાના સ્વપ્નને સાર્થક કરવાના હેતુસર વિવિધ પ્રકારના 80થી વધુ કોર્સ શરૂ કર્યા છે. જેમાં સર્ટિફિકેટ લેવલના શોર્ટ ટર્મ કોર્સથી માંડીને ,યુજી અને પીજી સુધીના 80થી વધુ કોર્સ શરૂ કરાયા છે.' »ડો. અમીબેન ઉપાધ્યાય, કુલપતિ, ડો બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

9/10/2021